# SHREE VASISHTHA VIDHYALAYA

## Gujarati 2nd Language Worksheet : 2026-27

Name : - ________________________ Std.:- III - ________

Roll No. :-________ Worksheet No.: PA1-01 Date : - ______________

**સર્જનાત્મક : ગદ્યાંશ**

આપણા દેશમાં જાતજાતનાં લોકો વસે છે. એમના તહેવાર પણ અલગ-અલગ. બધી જ જાતનાં લોકો કયો તહેવાર ઊજવે? ૧૫મી ઓગસ્ટ. ઘણાં વરસો સુધી અંગ્રેજો આપણ દેશમાં રાજા હતા. આપણે એમને કાઢી મૂક્યા. એ દિવસ હતો ૧૫મી ઓગસ્ટ. આ દિવસે આપણે જ ભારતના રાજા થયા. એટલે આપણે ઊજવીએ છીએ ૧૫મી ઓગસ્ટ. આ દિવસે નિશાળને સજાવીએ છીએ. રાષ્ટ્રધ્વજને વંદન કરીએ અને રાષ્ટ્રગીત ગાઈએ છીએ.

**પ્ર-૧ ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) આપણા ......દેશ...... માં જાતજાતનાં લોકો વસે છે.

૨) બધી જ જાતનાં લોકો ......૧૫ મી ઓગસ્ટ...... નો તહેવાર ઊજવે.

૩) ઘણાં વરસો સુધી ......અંગ્રેજો...... આપણા દેશમાં રાજા હતા.

૪) ૧૫મી ઓગસ્ટે આપણે ભારતના ......રાજા...... થયાં.

૫) આપણે રાષ્ટ્રધ્વજને ......વંદન...... કરીએ.

**પ્ર-૨ જોડણી સુધારો.**

૧) નીરાલી - ......નિરાલી......

૨) નીસાન - ......નિશાન......

૩) અહીસા - ......અહિંસા......

૪) નિડર - ......નીડર......

૫) મીત્રો - ......મિત્રો......

૬) વિરતા - ......વીરતા......

**પ્ર-૩ નીચેનાં વાકયો ખરાં '✓' છે કે ખોટાં '×' તે જણાવો.**

૧) મારી શાળા, પ્યારી શાળા છે. (......✓......)

૨) મારી શાળા સર્વધર્મ સમભાવ શીખવતી શાળા છે. (......✓......)

૩) મનીષ અને રૂપા ગિલ્લી-દંડા રમી રહ્યા હતા. (......×......)

૪) મારી શાળામાં એક જ વિષય શીખવે છે. (......×......)

૫) રૂપા એક નીડર બાળકી હતી. (......✓......)

**પ્ર-૪ પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) મારી શાળા વિવિધ ......વિષયો...... ના રસથાળ પીરસતી.

૨) રૂપા ......રમત-ગમત...... માં પણ કુશળ હતી.

૩) મનીષના હાથ-પગ ......દોરી...... થી બંધાયેલ હતા.

૪) ગામલોકોએ ......રૂપા...... ની હિંમતની ઘણી પ્રશંસા કરી.

૫) રૂપા મનીષને શોધતાં - શોધતાં ......શેરડી...... ના ખેતરમાં પહોંચી ગઈ.

## મૂળભૂત ગણતરી :

**પ્ર-૧ નીચેની સંખ્યાને શબ્દમાં લખો.**

૧) ૮ - આઠ
૨) ૨ - બે
૩) ૧૮ - અઢાર
૪) ૨૦ - વીસ
૫) ૬ - છ
૬) ૫ - પાંચ
૭) ૯ - નવ
૮) ૧૦ - દસ
૯) ૧૨ - બાર

**પ્ર-૨ નીચે આપેલા અંકોને ચિત્ર સાથે સરવાળો કરી જવાબ અંકમાં લખો.**

૧) ૯ + ૫ ○○○○○ = ૧૪
૨) ૧૧ + ૮ ☼☼☼☼☼☼☼☼ = ૧૯
૩) ૧૨ + ૬ ☆☆☆☆☆☆ = ૧૮
૪) ૧૬ + ૪ ☺☺☺☺ = ૨૦

## વ્યાકરણ :

**પ્ર-૧ નીચેનાં વાક્યોમાંથી સંજ્ઞા શબ્દો શોધીને લખો.**

૧) ગાય ઘાસ ખાય છે. - ગાય, ઘાસ
૨) શિક્ષક ભણાવવાનું કામ કરે છે. - શિક્ષક
૩) ગીતા ફરવા જાય છે. - ગીતા
૪) નીતા મંજીરા વગાડે છે. - નીતા, મંજીરા
૫) પગ ચાલવાનું કામ કરે છે. - પગ
૬) દાદી ભજન કરે છે. - દાદી
૭) ચકલી ચણ ચણે છે. - ચકલી

➤ કવિતા (મૌખિક) :- બા, મને ચપટી વગાડતાં......

બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ.
મારી ચપટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ,
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ,
પેલી બિલ્લી ભાગે છે ઝટ્ટ ઝટ્ટ ઝટ્ટ.
બા મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.

તું કપડાં ધુએ ભલે ધબ્બ ધબ્બ ધબ્બ,
હું પાણીમાં નહિ કરું છબ્બ છબ્બ છબ્બ,
મારી ચપટી ભીંજાઈ જાય ડબ્બ ડબ્બ ડબ્બ.
બા મને મુન્ની રમાડતાં આવડી ગઈ.
બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ.